ગાંધીનગર સમાચાર

ચાઇનીઝ દોરીનુ વેચાણ અટકાવવા માટે નગરમાં ચાર ટીમ રાઉન્ડ લેશે

# વાયબ્રન્ટ સમીટમાં ૨૪,૩૮૫ એમ.ઓ.યુ.



ગાંધીનગર, તા. ૧૧

૮મી વાયબ્રન્ટ સમીટમાં અત્યાર સુધીમાં ૨૪,૩૮૫ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. શહેરી વિકાસ વિભાગમાં રોકાણ માટે જેમાં રૂ. ૧ હજાર કરોડથી લઈ રૂ. ચાર હજાર કરોડનું રોકાણ કરાશે. જ્યારે ૫૦ જેટલા એમ.ઓ.યુ. એવા છે જેમાં રૂ. ૪ હજાર કરોડથી પણ વધુના રોકાણ થવાના છે.

રાજ્યમાં લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટે પણ કેનેડા અને યુ.એસ.એ. દ્વારા રસ દાખવવામાં આવતાં રાજ્ય સરકારે અધિકારીઓનું એક વર્કીંગ ગૃપ

## શહેરી વિકાસ વિભાગના ૧૫૭૫ એમ.ઓ.યુ. થયા; લઘુ-મધ્યમ ઉદ્યોગ માટે કેનેડા-યુ.એસ.એ. રસ દાખવતાં અધિકારીઓનું વર્કીંગ ગૃપ બનાવાયું : નીતિન પટેલ

રસ ધરાવતા ૧૫૭૫ એમ.ઓ.યુ. થયા છે તેમ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે સાંજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ૧૩૩ જેટલા મુખ્ય એમ.ઓ.યુ. થયા છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે એવી પણ જાહેરાત કરી હતી કે ગુજરાતની હસ્તકલા કારીગરીથી ઉત્પાદિત વસ્તુઓને વ્યાપક બજાર પ્રાપ્ત થાય તે માટે એમેઝોન કંપની સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યું છે.

બનાવવાનો નિર્ણય કરેલ છે. જે ઝડપથી જ આ બાબતે સરકારને પોતાનો અહેવાલ આપશે અને તે પછી તે અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## સ્વીડન ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા તત્પર

### મનપાએ રૂ. ૧ હજાર કરોડના૧૦ એમ.ઓ.યુ. કર્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે સ્વીડન સાથે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ સાથે મેમોરન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ પર હસ્તાક્ષર કરવાની તૈયારી દર્શાવી છે જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાએ ૧૦ જેટલા એમ.ઓ.યુ. ૧ હજાર કરોડનું રોકાણ ધરાવતા કર્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકાએ જે ૧૦ એમ.ઓ.યુ. કર્યા છે તે ત્રણ સેક્ટરોમાં કર્યા છે. જેમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાંથી ઊર્જા બનાવવાના એક પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સેનીટેશન તેમજ આંતર માળખાકીય સુવિધાઓના વિકાસને લઈ ૭ જેટલા એમ.ઓ.યુ. આજના સમીટમાં કરેલ છે.

સ્માર્ટ સીટી ગાંધીનગરને બનાવવા માટે સ્વીડને તૈયારી દાખવી અને તે અંગેની જાહેરાત તેણે કન્ટ્રી સેમિનાર દરમ્યાન કરી હતી. ગાંધીનગર શહેર હવે ત્રીજા અને અંતિમ તબક્કામાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવનાર હોવાથી આ જાહેરાતને અતિ મહત્વની લેખવામાં આવી રહી છે. ગાંધીનગર શહેરમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં ઊર્જા ઉત્પન્ન કરવા માટે એજન્સી બહાર આવી છે જ્યારે લીકવીડ વેસ્ટ મેનેજમેન્ટના નિકાલની સમસ્યા અંગે સત્તાવાળાઓ દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે.

# વિદેશી મહેમાનોની મુખ્યમંત્રી સાથે મેરેથોન વન-ટુ-વન બેઠકો

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાથે આજે વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ના દ્વિતીય દિવસે વિવિધ દેશોના ૧૫ જેટલા મહાનુભાવોએ મેરેથોન વન-ટુ- વન બેઠકોનો ઉપક્રમ પ્રયોજ્યો હતો.



મુખ્યમંત્રીએ ગુજરાતમાં ઉભરતા જતા ક્ષેત્રોમાં રોકાણની વિશાળ તકોથી તેમને અવગત કરાવ્યા હતાં. વિવિધ કંપનીના સીઈઓએ ગુજરાતમાં પોતાના ઉદ્યોગનું વિસ્તરણ અને નવા રોકાણો માટે ઉત્સુકતા દર્શાવી હતી.

યુએસ કોન્સેલ જનરલની આગેવાની હેઠળ એમચેમ બિઝનેશ ડેલીગેશન સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બેઠક યોજી હતી જેમાં ૨૪ પ્રતિનિધિઓ સાથે તેમની બિઝનેશને સાનુકૂળ તકો અંગે ચર્ચા કરી હતી. તેને અનુરૂપ ગુજરાત સરકારની પોલિસી તથા ઈન્ફ્રાસ્ટ્રકચરની માહિતી વરિષ્ઠ અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટ સિટી પ્રોજેકટથી શહેરોના કલેવર બદલાઈ રહ્યા છેઃ નાયડુ

ગાંધીનગર, તા. ૧૧

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૭ના બીજા દિવસે યોજાયેલા સ્માર્ટ એન્ડ લિવેબલ સીટીઝ : ઓપોર્ચ્યુનીટી એન્ડ ચેલેન્જીસ સેમિનારમાં કેન્દ્રના શહેરી વિકાસ મંત્રી શ્રી વેન્કૈયા નાયડુએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ હવે દેશભરમાં બદલાવ આવી રહ્યો છે, એટલું જ નહીં લોકોનો અભિગમ પણ

આભાર - નિહારીકા રવિયા

હવે વિકાસાભિમુખ દિશા તરફ બદલાઈ રહ્યો છે.

કેન્દ્રીય મંત્રી શ્રી નાયડુએ જણાવ્યું હતું કે, હવે સર્વાંગી શહેરી વિકાસ અને સ્માર્ટ સિટી પ્રોજેકટથી શહેરોના દ્રશ્યચિત્રો બદલાઈ રહ્યા છે. ફૂટપાથ અને સાયકલ ટ્રેકથી લઈને બીઆરટીએસ, મેટ્રો, ફલાય ઓવર્સ દ્વારા દેશભરના શહેરો નવી અત્યાધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ થઈ રહ્યા છે.

ભારત સરકારે શહેરીકરણને સમસ્યા નહીં, વિકાસની નૂતન તક તરીકે મૂલવીને શહેરોના સર્વાંગી વિકાસની બ્લ્યુ-પ્રિન્ટ તૈયાર કરી છે, તેમ જણાવતાં શ્રી નાયડુએ ભારતના શહેરોના વિકાસ, આંતરમાળખાકીય સુવિધા અને અન્ય આનુષાંગિક વિકાસ કાર્યોના નિર્માણથી વિપુલ તકોનો ચિતાર આપી વૈશ્વિક રોકાણકારોના આ ક્ષેત્રે રોકાણ કરવા આમંત્રણ પાઠવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, દેશના નાગરિકોનો અભિગમ હવે બદલાઈ રહ્યો છે અને એટલે જ દેશભરના શહેરો-રાજ્યો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા થઈ રહી છે જે રાષ્ટ્રના વિકાસ માટે અતિ મહત્વરૂપ ઘટના છે.

● અનુસંધાન પાન-૭ પર



## ચાઈનીઝ દોરીનુ વેચાણ અટકાવવા માટે નગરમાં ચાર ટીમ રાઉન્ડ લેશે

ગાંધીનગર તા ૧૧

ઉતરાયણના પર્વ દરમિયાન માણસ કે નિર્દોષ પક્ષીઓને દોરીથી ઈજા ન પહોંચે તે માટે ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જયારે ગાંધીનગરમાં પણ ચાઈનીઝ દોરીના વેચાણ સામે રોક લગાવવા માટે તંત્ર દ્વારા ચાર ટીમો બનાવી આકસ્મિક તપાસ હાથ ધરી કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત વાહનચાલકોને દોરીથી થતી ઈજાથી રક્ષણ પુરુ પાડવા માટે વનતંત્ર દ્વારા વિનામુલ્યે સ્ટેન્ડનુ પણ વિતરણ કરવામાં આવશે. આજે સવારે ૧૦ થી ૧૨ કલાકે સે-૧૭ સ્થિત વનતંત્રની ડિવિઝનલ કચેરી ખાતેથી નગરજનોને વિનામુલ્યે સ્ટેન્ડ મળી રહેશે. વહેલા તે પહેલાના ધોરણે તંત્ર દ્વારા ૫૦૦ જેટલા સ્ટેન્ડનુ વિતરણ કરાશે.

**ઘાયલ પક્ષીઓને સારવાર પુરી પાડવા માટે ૫ ડોકટરો સહીત કેમ્પ : વનતંત્ર દ્વારા આજે વાહનચાલકોને દોરીથી ઈજાથી બચાવવા ડિવિઝનલ કચેરી ખાતે વિનામુલ્યે સ્ટેન્ડનુ વિતરણ કરાશે**

આકાશને રંગીન બનાવતા ઉતરાયણના પર્વ દરમિયાન વાહન પર જતા નાગરિકો દોરી વાગવાના લીધે મોતને ભેટતા હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. જયારે અબોલ પક્ષીઓને પણ ઈજા થતા પર્વ

● અનુસંધાન પાન-૭ પર

# પડકારો છતાંય ભારતનું અર્થતંત્ર સ્વચ્છ બન્યું : જેટલી

અમદાવાદ, તા.૧૧

કેન્દ્રીય નાણા મંત્રી અરૂણા જેટલીએ જણાવ્યું હતું કે, મે-



૨૦૧૫માં કેન્દ્રમાં નિર્ણાયક નેતૃત્વ આવ્યા પછી અર્થતંત્રના પુનર્ગઠન માટે હિંમતભર્યા અને બોલ્ડ નિર્ણયો લેવાયા છે આવા નિર્ણયો લેવા માટે નેતૃત્વ પાસે તાકાત અને ટીકાઓનો સામનો કરવાની હિંમત જોઈએ. જો આ ન હોય તો માત્ર રૂટીન શાસન જ આપી શકાય. આવનારા યુગો માટે સુશાસનની ફુટ પ્રિન્ટ ન છોડી શકાય

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના વિકાસને ગતિ આપનારા અને દિશા બદલનારા અનેક નિર્ણયો લેવાયા છે. તેનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે, ધણા પડકારો આવ્યા પરંતુ દેશના લોકો તરફથી આ નિર્ણયોને પોપ્યુલર પીઠબળ મળ્યું એટલું જ નહીં, પારદર્શીતા

ઈચ્છતા દેશવાસીઓ તરફથી પ્રેરણાદાયી પ્રતિભાવો મળ્યા અને એટલે આજે ભારતનું અર્થતંત્ર વૈશ્વિક ફલક પર ઉભરી આવ્યું છે. આઠમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની કામગીરીની શરૂઆત સમગ્ર ભારતના આર્થિક વિકાસ માટે સૌથી મહત્વના એવા સેમિનાર ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ ગેંમ ચેન્જર ફોર ધી ઈન્ડિયન ઈકોનોમી સાથે થઈ હતી. ગાંધીનગરમાં મહાત્મા મંદિરના કન્વેન્શન હોલમાં ઉપસ્થિત ભારતભરના ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને વાણિજ્ય સાથે સંકળાયેલા હજ્જારો, લોકોને સંબોધતાં નાણામંત્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, છેક ૧૯૯૬થી ડબલ ટેક્ષેશન ટ્રીટી વિષે ચર્ચા વિચારણાઓ થયા કરે છે. પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

**વાઈબ્રન્ટ ગુજરાતના ભાગરૂપે ખાસ સેમિનારનું આયોજન : ટીકાઓનો સામનો કરવાની સમર્થતા હોય તો જ સુશાસનની ફૂટ પ્રિન્ટ છોડી શકાય : અન્યથા રૂટીન શાસન આપી શકાય છે : અરૂણ જેટલી**


બેસણું



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **કમુબેન બહેચરભાઈ પટેલ** (રાંધેજાવાળા) તા.૧૦-૦૧-૧૭ના રોજ દેવલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું તા.૧૩-૦૧-૧૭ને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ:- જાગેશ્વર મહાદેવ હોલ, રાંધેજા, તા.જી.ગાંધીનગર

ફર્મ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
શ્રી ઉમીયા એન્ટરપ્રાઈઝ
મેસર્સ. મહેશકુમાર બહેચરભાઈની કુ
દેવ એન્ટરપ્રાઈઝ ગાંધીનગર
98242 37008, 94285 95930

લી.
રમણભાઈ સોમનાથ પટેલ
અમરતભાઈ બહેચરભાઈ પટેલ
પ્રકાશભાઈ બહેચરભાઈ પટેલ
મહેશભાઈ બહેચરભાઈ પટેલ
જગદીશભાઈ બહેચરભાઈ પટેલ
અનીલભાઈ મફતભાઈ પટેલ

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
સ્વ.પ્રહલાદભાઈ આત્મારામભાઈ પટેલ, રણછોડભાઈ આત્મારામભાઈ પટેલ (નવાકોબા)

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com